Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૯૭૩૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૧૨/૦૬/૨૦૨૩
૧૪

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ

સુરત.

૨/- આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

સત્યમેવ જયતે
નિયામક

ક્રમાંક:જીસીઇઆરટી/તાલીમ/2022-23/૧૦૩૫૮-૧૦૪૦
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેકટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખ: ૦૫/૦૪/૨૦૨૩
૧૪ ૦૫

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ

**વિષય: એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીલ વર્ષ ૨૦૨૩-૨૪ ના આયોજન બાબત ભાગ**
**સંદર્ભ: માન. નિયામકશ્રીની સૂચના અન્વયે**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ અન્વયે જણાવવાનું કે આગામી વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન રાજયમાં વિવિધ કક્ષાએ એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીલનું આયોજન કરવાનું થાય છે. જે માટે આસાથે સામેલ **એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીલ વર્ષ ૨૦૨૩-૨૪ની (S.O.P)માં આપવામાં આવેલ સૂચનાઓને ધ્યાને લઇ તાલુકા અને જિલ્લાકક્ષાના એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીલનું આયોજન કરવાનું રહેશે.**

જે અન્વયે તાલુકા અને જિલ્લાકક્ષા સુધી આપની કક્ષાએ આયોજન કરવાનું રહેશે. ત્યાર બાદ ઝોન અને રાજય કક્ષાએ આયોજન માટે નીચે આપેલ કોષ્ટક મુજબ આયોજન સંબધિત જિલ્લાએ કરવાનું રહેશે. **આ કોષ્ટકમાં આયોજનકર્તા જિલ્લાને બોલ્ડ કરી દર્શાવેલ છે. આ જ ક્રમમાં પાછળ આવતા 2 નંબરના ક્રમવાળા જિલ્લાએ પછીના વર્ષ માટે સંબંધિત ઝોનનું આયોજન કરવાનું રહેશે.** આ અન્વયે આપની કક્ષાએથી અત્યારથી જરૂરી આયોજન કરી સ્થળની વિગતો તાલીમ શાખાને મોકલી આપવા આથી જણાવવામાં આવે છે

| ઝોન | સમાવિષ્ટ જિલ્લાઓ | સંભવિત ઇનોવેટરર્સની સંખ્યા |
|---|---|---|
| ઉત્તર ઝોન | (1) અમદાવાદ(ગ્રા), (2) અમદાવાદ(શ), (3) ગાંધીનગર, (4) મહેસાણા,<br>(5) પાટણ, (6) સાબરકાંઠા, (7) અરવલ્લી, (8) બનાસકાંઠા | 40 |
| દક્ષિણ ઝોન | (1) ડાંગ, (2) વલસાડ, (3) નવસારી, (4) સુરત, (5) તાપી, (6) ભરૂચ, (7) નર્મદા | 35 |
| મધ્ય ઝોન | (1) વડોદરા, (2) છોટાઉદેપુર, (3) આણંદ, (4) સંતરામપુર, (5) પંચમહાલ, (6) દાહોદ, (7) ખેડા | 35 |
| સૌરાષ્ટ્ર - ૧ | (1) સુરેન્દ્રનગર, (2) ભાવનગર, (3) બોટાદ, (4) રાજકોટ, (5) મોરબી, (6) કચ્છ | 30 |
| સૌરાષ્ટ્ર - ૨ | (1) જામનગર, (2) દેવભૂમિ દ્વારકા, (3) પોરબંદર, (4) અમરેલી, (5) જુનાગઢ, (6) ગીર સોમનાથ | 30 |
| રાજય કક્ષાએ આયોજન | (1) કચ્છ (2) ગીર સોમનાથ (3) ખેડા (4) નર્મદા (5) બનાસકાંઠા | 25 |

(ડી.એસ.પટેલ)
નિયામક
જીસીઇઆરટી,
ગાંધીનગર

બિડાણઃ

- એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીલ વર્ષ ૨૦૨૩-૨૪ની (S.O.P)

| । | કામગીરીની વિગત | જરૂરી આયોજન | સમયગાળો | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| - | વર્ષ ૨૦૨૩-૨૪ માટેના ઇનોવેશનના આયોજન અંગેનો વિગતવાર પરિપત્ર | તાલીમ શાખા દ્વારા પરિપત્ર કરવો. જેમાંવર્ષ ૨૦૨૩-૨૪ માટેનું આયોજન અને એજયુકેશનલ ઇનોવેશન ફેસ્ટીલ વર્ષ ૨૦૨૩-૨૪ની (S.O.P) ની વિગતો તેમજ આયોજનકર્તા જિલ્લાની વિગતોનો સમાવશે થશે. | 5 April-2023 | - |
| - | વર્ષ ૨૦૨૩-૨૪ માટેના પાંચ ઝોનકક્ષાના ઇનોવેશનના આયોજન માટે સંબંધિત ડાયેટસને પત્ર | તાલીમ શાખા દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ઝોનકક્ષાના ઇનોવેશનના પાંચ ઝોનના જિલ્લાઓને જાણ કરી, પૂર્વ તૈયારી કરી સ્થળની વિગતો મેળવવા અંગેનો પત્ર (દરેક ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાઓની વિગત અને કૃતિ અને સ્ટોલ અને મુલાકાતી સંખ્યા તેમજ અંદાજિત ગ્રાન્ટની રકમની વિગતો ઝોન આયોજક જિલ્લાને આપવી.) | 25 April-2023 | - |
| - | વર્ષ ૨૦૨૩-૨૪ માટેના રાજયકક્ષાના ઇનોવેશનના આયોજન માટે સંબંધિત ડાયેટને પત્ર | તાલીમ શાખા દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ રાજયકક્ષાના ઇનોવેશનનું આયોજનકર્તા જિલ્લાને જાણ કરી, પૂર્વ તૈયારી કરી સ્થળની વિગતો મેળવવા | 25 April-2023 | |

| | | | | |
|---|---|---|---|---|
| | | અંગેનો પત્ર (રાજયકક્ષાએ ભાગ લેનાર લાભાર્થીની વિગત અને કૃતિ અને સ્ટોલ અને મુલાકાતી સંખ્યા તેમજ અંદાજિત ગ્રાન્ટની રકમની વિગતો રાજયકક્ષાના આયોજક જિલ્લાને આપવી.) | | |
| બી.આર.સી. કક્ષાએ પસંદગી કાર્યશાળા | દરેક બી.આર.સી. કો.ઓર્ડિનેટર તેના તાલુકાના તમામ સી.આર.સી.માંથી શૈક્ષણિક અને ઇનોવેટીવ કામગીરી કરનાર બે શિક્ષકોને આંમત્રિત કરશે. આમંત્રિત શિક્ષકો તેમની કૃતિ અને પ્રેઝન્ટેશન સાથે તાલુકા કક્ષાએ ઉપસ્થિત રહેશે. બીઆર.સી.સી.એ તેમના સી.આર.સી.ની સંખ્યાના ત્રીજા ભાગના ઇનોવેટરને દરરોજ બોલાવી મહત્તમ ત્રણ દિવસમાં આ કામગીરી પૂર્ણ કરવાની રહેશે. પસંદગીની પ્રક્રિયામાં તાલુકાના લાયઝન અધ્યક્ષ રહેશે તેમજ બી.આર.સી.સી. સભ્ય સચિવ રહેશે. આ સિવાય કોઇપણ એક સી.આર.સી.સી., તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શિક્ષક અને સરકારી માધ્યમિક શાળાના આચાર્ય તેના સભ્યો રહેશે. તાલુકાકક્ષાએથી શ્રેષ્ઠ પાંચ (૦૫) કૃતિ (૩ પ્રાથમિક અને ૨ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ડી.એલ.એડ.માંથી) જિલ્લાકક્ષાએ મોકલવાની રહેશે. | જિલ્લાને બીઆર.સી. કક્ષાના ઇનોવેશનના આયોજન અંગેનો પત્ર કરવા<br>પત્ર ૨૦ મે ૨૦૨૩ સુધીમાં મોકલી આપવો.<br><br>ગ્રાન્ટ ફાળવણી કરવી.<br><br>અરજી કરવાની તારીખઅને અંતિમ તારીખ 01/06/2023 to 30/08/2023 | અંદાજિત તારીખ ૨૦ થી ૨૩ સપ્ટે. ૨૦૨૩ | 3538560 |

| | | | | |
|---|---|---|---|---|
| ...ાકક્ષા ...વેશન ...ીવલ | બી.સી.આર.સી.માંથી પસંદ થયેલ શ્રેષ્ઠ પાંચ (૦૫) કૃતિ (૩ પ્રાથમિક અને ૨ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ડી.અલ.એડ્.માંથી) ના શિક્ષકોને ડી.આઇ.સી. કો.ઓર્ડિનેટર જિલ્લાકક્ષાએ આંમત્રિત કરશે. આમંત્રિત શિક્ષકો તેમની કૃતિ અને પ્રેઝન્ટેશન સાથે જિલ્લા કક્ષાએ ઉપસ્થિત રહેશે. ઇનોવેશન ફેસ્ટીવલ ત્રણ દિવસ માટે આયોજિત કરવાનો રહેશે. કૃતિ પસંદગીની પ્રક્રિયામાં તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી અધ્યક્ષ રહેશે તેમજ ડી.આઇ.સી. કો.ઓર્ડિનેટર સભ્ય સચિવ રહેશે. આ સિવાય ડાયેટના સિનિયર લેકચરર એક, જિલ્લામાંથી કોઇપણ એક બી.આર.સી. કો.ઓર્ડિનેટર અને એક એજયુકશન ઇન્સપેકટર તેના સભ્યો રહેશે. જિલ્લા કક્ષાએથી શ્રેષ્ઠ પાંચ (૦૫) કૃતિ (૩ પ્રાથમિક અને ૨ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ડી.અલ.એડ્.માંથી) ઝોનકક્ષાએ મોકલવાની રહેશે. | જિલ્લાને જિલ્લાકક્ષાના ઇનોવેશનના આયોજન અંગેનો પત્ર <u>૫ ઓકટોબર ૨૦૨૩</u> મોકલી આપવો.<br><br>ગ્રાન્ટ ફાળવણી કરવી. | અંદાજિત તારીખ ૧૮ થી ૨૦ ઓકટોબર ૨૦૨૩ | 17855680 |
| ...રીંગ ...ર્કશોપ | દરેક જિલ્લાએ તેમના જિલ્લામાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ પાંચ (૦૫) કૃતિ (૩ પ્રાથમિક અને ૨ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ડી.અલ.એડ્.માંથી) ને આધારે જિલ્લાકક્ષાએ શેરીંગ વર્કશોપનું આયોજન કરવાનું રહેશે. આ વર્કશોપમાં ઇનોવેશનમાં રસ ધરાવતા શિક્ષકો, સી.આર.સી.સી., બી.આરસી.સી. વગેરે વ્યકતિઓને જરૂરિયાત મુજબ આમંત્રિત કરવાના રહેશે. | દરેક જિલ્લાને શેરીંગ વર્કશોપના આયોજન કરવા અંગેનો પત્ર <u>૨૫ ઓકટોબર સુધી</u> મોકલી આપવો. | તારીખ ૭ થી ૮ નવેમ્બર-૨૦૨૩ | 3260200 |

| | | | | |
|---|---|---|---|---|
| ઝોન કક્ષા ઇનોવેશન ફેસ્ટીવલ | દરેક જિલ્લામાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ પાંચ (૦૫) કૃતિ (૩ પ્રાથમિક અને ૨ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ડી.અલ.એડ્.માંથી) ના શિક્ષકોને સંબંધિત ઝોનના ડી.આઇ.સી. કો.ઓર્ડિનેટર ઝોનકક્ષાએ આંમત્રિત કરશે. આમંત્રિત શિક્ષકો તેમની કૃતિ અને પ્રેઝન્ટેશન સાથે ઝોન કક્ષાએ ઉપસ્થિત રહેશે. ઇનોવેશન ફેસ્ટીવલ ત્રણ દિવસ માટે આયોજિત કરવાનો રહેશે. કૃતિ પસંદગીની પ્રક્રિયામાં સંબંધિત ઝોનના તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી અધ્યક્ષ રહેશે તેમજ સંબંધિત ઝોનના ડી.આઇ.સી. કો.ઓર્ડિનેટર સભ્ય સચિવ રહેશે. આ સિવાય ઝોનમાં સમાવિષ્ટ સબંધિત જિલ્લાના બે કોઇપણ એક બી.આર.સી.સી., નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને એજયુકશન ઇન્સપેકટર તેના સભ્યો રહેશે. ઝોનકક્ષાએથી શ્રેષ્ઠ પાંચ (૦૫) કૃતિ (૩ પ્રાથમિક અને ૨ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ડી.અલ.એડ્.માંથી) રાજયકક્ષાએ મોકલવાની રહેશે. | ઝોનના જિલ્લાને ઝોનકક્ષાના ઇનોવેશનના આયોજન અંગેનો <u>પત્ર ૩૦ નવેમ્બર સુધી મોકલી આપવો.</u><br><br>ગ્રાન્ટ ફાળવણી કરવી. | તારીખ ૧૯ થી ૨૧ ડિસેમ્બર-૨૦૨૩<br><br>તેમજ<br><br>તારીખ ૨૬ થી ૨૮ ડિસેમ્બર-૨૦૨૩ | 3831000 |
| રાજ્યકક્ષા ઇનોવેશન ફેસ્ટીવલ | દરેક ઝોનમાંથી પસંદ થયેલ શ્રેષ્ઠ પાંચ (૦૫) કૃતિ (૩ પ્રાથમિક અને ૨ માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ડી.અલ.એડ્.માંથી) ના શિક્ષકોને રાજયકક્ષા કામગીરી કરનાર જિલ્લાના ડી.આઇ.સી. કો.ઓર્ડિનેટર રાજયકક્ષાએ આંમત્રિત કરશે. આમંત્રિત શિક્ષકો તેમની કૃતિ અને પ્રેઝન્ટેશન સાથે રાજય કક્ષાએ ઉપસ્થિત રહેશે. | રાજયકક્ષાના ઇનોવેશન ફેસ્ટીવલના આયોજન જિલ્લાને કામગીરી કરવા અંગેનો પત્ર <u>૫ જાન્યુઆરી સુધીમાં મોકલી</u> આપવો.<br><br>ગ્રાન્ટ ફાળવણી કરવી. | તારીખ ૧૭ થી ૧૫ જાન્યુઆરી -૨૦૨૪ | 1500000 |

| | | | | |
|---|---|---|---|---|
| | ઇનોવેશન ફેસ્ટીવલ ત્રણ દિવસ માટે આયોજિત કરવાનો રહેશે. કૃતિ પસંદગીની પ્રક્રિયામાં રાજયકક્ષા કામગીરી કરનાર જિલ્લાનાતાલીમ ભવનના પ્રાચાર્યશ્રી અધ્યક્ષ રહેશે તેમજ જીસીઇઆરટી તાલીમ શાખાના રીડર સભ્ય સચિવ રહેશે. આ સિવાય તમામ જિલ્લાના ડી.આઇ.સી.કો.ઓર્ડિનેટર તેના સભ્યો રહેશે.<br>રાજયકક્ષાએ શ્રેષ્ઠકૃતિ પસંદગી કરવામાં આવશે નહીં. | | | |
| ્યકક્ષા | રાજયકક્ષાએ વિભાગવાર પસંદિત શ્રેષ્ઠ કૃતિઓનું પ્રેઝન્ટેશન અને રેકોર્ડિંગ, કવીકી | કોઇ એક ડાયેટને ખર્ચ અને આયોજન કરવા અંગેનો પત્ર <u>૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં</u> મોકલી આપવો.<br>રેકોર્ડિંગ અંગેની વ્યવસ્થા બાયસેગના માધ્યમથી ઉભી કરવી<br>પ્રેઝન્ટેશન માટે (કમ્પ્યુટર સેટની વ્યવસ્થા કરવી | તારીખ ૫ થી ૭ ફેબ્રુઆરી -૨૦૨૪ | |
| .L | | | | 29985440 (3.00 કરોડ) |